**નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭**

**બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે-કેરની શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાની યોજના બાબત...**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/AWR/e-file/17/2025/3033/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. As per E-sign

**વંચાણે લીધો:-**

- નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૭/૦૨/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: DSD/NIT/e-file/226/2025/0957/ Planning Branch.

**આમુખ:-**

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ હેઠળ કાર્યરત બિનસરકારી સંસ્થાઓ દ્વારા નાણાંકીય સહાય મેળવવા બાબતે અવારનવાર સરકારશ્રીને રજુઆતો કરવામાં આવતી હોય છે. આવી સંસ્થાઓને મદદરૂપ થવાનો સરકારશ્રીનો હકારાત્મક અભિગમ રહ્યો છે. તેને અનુરૂપ બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રના દિવ્યાંગોને સુવિધારૂપ સહાય પુરી પાડવાના હેતુસર ૪૦૦ દિવ્યાંગો માટે ડે-કેરની શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં કુલ રૂ.૨.૧૬/- કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરની નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીની અત્રે મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રના દિવ્યાંગોને સુવિધારૂપ સહાય પુરી પાડવાના હેતુસર ૪૦૦ દિવ્યાંગો માટે ડે-કેરની શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાની વર્ષ ૨૦૨૬-૨૭ ની કુલ રૂ.૨.૧૬/- કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

1. સંસ્થાની પસંદગી નીચે દર્શાવેલ શરતો અને ધારા ધોરણોને આધિન નિયમોનુસાર કરવામાં આવશે.
2. નિયામક કક્ષાએથી વર્તમાન પત્રમાં જાહેરાત આપી જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીની ભલામણ સહ સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મેળવવામાં આવશે. સંસ્થાએ જિલ્લા કક્ષાએ જાહેરાતની તારીખથી ૪૫ દિવસની અંદર જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીને દરખાસ્ત રજુ કરવાની રહેશે
3. આ યોજના હેઠળ સંસ્થાને બાળકોની સરેરાશને ધ્યાને લઇ બાળકદીઠ માસિક રૂ.૪,૫૦૦/- લેખે ફિક્સ સહાય આપવામાં આવશે.

**ધારા ધોરણ:**

સંસ્થામાં પ્રવેશ બાળકો માટે કરેલ તમામ પ્રકારનો ઓફિસ ખર્ચ, સ્ટેશનરી, લાઇટબીલ, ટપાલખર્ચ, સાધનો, મકાનનો ઘસારો વગેરે સેવાઓનો સમાવેશ કરી બાળકોની સરેરાશને ધ્યાને લઇ સંસ્થાએ અંતેવાસીઓ(દર ૫૦ બાળકોની સંખ્યા દીઠ)ને સારસંભાળ તથા શૈક્ષણિક સુવિધા આપવા માટે નીચે મુજબ લઘુત્તમ સ્ટાફ હોવો જરૂરી છે.

**સંસ્થા ખાતે ઓછામાં ઓછા સ્ટાફની સંખ્યા:**

| ક્રમ | કેડર | સંખ્યા |
|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષક<br><br>(માન્ય શૈક્ષણિક લાયકાત ધરાવનાર ) | ૪ |
| ૨ | ક્લાર્ક | ૧ |
| ૩ | પટાવાળા | ૧ |
| ૪ | ચોકીદાર | ૧ |

| | | |
|---|---|---|
| ૫ | એટેન્ડન્ટ | ૩ |
| ૬ | સ્વીપર | ૧ |
| ૭ | મનોવૈજ્ઞાનિક/ફિઝિયોથેરાપીસ્ટ/ઓક્યુપેશનલ થેરાપીસ્ટ/સ્પીચ થેરાપીસ્ટ<br>(બાળકોની જરૂરીયાત પ્રમાણે મિનિમમ ૨)<br>(અઠવાડિયામાં ૩ મુલાકાત ફરજીયાત) | ૨ |

સંસ્થાના સંચાલન માટે સંસ્થાએ ઉપર મુજબનો સ્ટાફની સેવાઓ ફરજીયાત લેવાની રહેશે. સંસ્થાને તેની જરૂરિયાત પ્રમાણે વધારાના સ્ટાફની સેવાઓ લેવાની રહેશે પરંતુ તેના માટે તેને વધારાની સહાય આપવામાં આવશે નહી અને તેની માંગણી પણ કરી શકાશે નહી.

- સંસ્થાએ અરજી કરવા માટે જરૂરી લાયકાત, મંજુરી મળતા રાખવાની વ્યવસ્થા, કન્ટીજન્સી સહાયની શરતો, સ્ટાફની શરતો, ઓડિટ અને સહાય ફાળવણી, બાળકોના પ્રવેશની શરતો વગેરે શરતો આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબ રહેશે. સંસ્થાની પસંદગી માટેની પંસદગી સમિતિનું માળખું નીચે મુજબ રહેશે.

**પસંદગી સમિતિ:**

| | |
|---|---|
| અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી : | અધ્યક્ષ |
| નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) : | સભ્ય |
| અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (સ.સુ.) : | સભ્ય |
| દિવ્યાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રી : | સભ્ય |
| નિયામકશ્રી : | સભ્ય સચિવ |

- પંસદગી સમિતિ દ્વારા સંસ્થાની પંસદગી માટે માર્કિંગ પધ્ધતિ નક્કી કરી માર્કિંગ આપી સંસ્થાની પસંદગી સમિતિએ સર્વસંમતિથી કરવાની રહેશે. માર્કિંગ પધ્ધતિ આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબ રહેશે.
- માર્કિંગ પધ્ધતિથી પંસદગી કરેલ સંસ્થાઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કામગીરી સોંપવા ઠરાવ કરવામાં આવશે અને તેના આધારે નિયામક કક્ષાએથી અલગ-અલગ સંસ્થાને કામગીરી સોંપવા અંગેના આદેશ કરવામાં આવશે.

**સામાન્ય શરતો:**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૬) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) નાયબ નિયામક/જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા કોઇ પણ નિરિક્ષણ કરનાર અધિકારીશ્રી ધ્વારા સંસ્થાના નિરિક્ષણ દરમ્યાન સંસ્થામાં બેદરકારી/નિષ્કાળજી ધ્યાનમાં આવે તો બેદરકારી/નિષ્કાળજીનુ વિસ્તૃત વર્ણન દર્શાવતો અહેવાલ તૈયાર કરીને, સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે અને તેનો રેકર્ડ રાખવાનો રહેશે.

(૧૮) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર માન.મંત્રીશ્રી (નાણા) ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-sign
**(ભૂમિ દેસાઇ)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ-૨૦૨૬